# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (જાન્યુઆરી, ૨૦૦૬)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ - પ્રશ્નપત્ર-૧** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. રાજનીતિનું દૃષ્ટાંત ને તેનો સિદ્ધાંત જણાવો.
૨. ગુણનો સંગ રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ.
૩. ગોપીઓના દૃષ્ટાંતે પ્રેમનું લક્ષણ
૪. ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખે તો તેના સર્વે વિકાર ટળી જાય છે.
૫. દરિદ્રીનું દૃષ્ટાંત ને તેનું હાર્દ સમજાવો.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને વચનામૃતના સંબંધિત ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. તે ભક્ત ભગવાનની ...................................... એટલી વાર છેટે રહેતા નથી.
૨. માટે ભગવાનની આજ્ઞાએ ...................................... આવીને નિવાસ કરે છે.
૩. જો ભગવાનનો ખરેખરો ...................................... શોભે નહીં.
૪. માટે ભગવાન તો ...................................... ને સ્વતંત્ર થયા છે.
૫. તેમ ઈન્દ્રિયો છે તેને ...................................... પણ અવગુણ લેવો નહિ.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતને આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. શ્રીજીમહારાજની સ્વાભાવિક પ્રકૃતિ
૨. સંત મહિમા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. ક્યાં સુધી ગુરુ કર્યા નથી ?
૨. ગોપાળાનંદ સ્વામીને માથે પાણા શા કારણે નાખ્યા ?
૩. ગમે તેવા અંતર્દષ્ટિવાળાને શું વિઘ્ન આવે ?
૪. અવળા પક્ષનું ફળ શું છે ?
૫. શ્રીજીમહારાજનાં બે ચરણાવિંદ પૃથ્વી પર ક્યારે આવ્યાં ?
૬. નાના સાધુ, પાળા ને બ્રહ્મચારી સામું જોઈને સ્વામી શું બોલ્યા ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** (ગુણ ૪)

૧. ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજને ........................ પ્રશ્નો પૂછ્યા. (બે, ચાર, છ)
૨. આવા સાધુથી નોખા પડીએ ત્યારે ............................ જેવું દુઃખ થવું જોઈએ. (નર્કમાં પડ્યા, ખાડામાં પડ્યા, તાળવું ફાટ્યા)
૩. બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને ........................ સમજવા ત્યાં અટકે છે. (સર્વોપરી, પુરુષોત્તમ, સહજાનંદ)
૪. હમણાં ........................ એ દેહ ધર્યા છે. તે મહારાજને આવવું પડે. (ભક્તો, મુમુક્ષુ, સત્સંગી)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. જ્ઞાન પ્રાપ્તિનો મહિમા
૨. જીવના બંધન
૩. ગુણાતીતાનંદ સ્વામીની કથાશૈલી

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ-૧ તથા ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ઘનશ્યામનાં બાળચરિત્રો દ્વારા વ્યક્ત થતી બહુમુખી પ્રતિભા
૨. આજે તો ભગવાન મુમુક્ષુને ખોળે છે - મુમુક્ષુઓને મળેલા નીલકંઠ
૩. શ્રીહરિનો બૃહદ્ વૈરાગ્ય.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. તીર્થરાજ લોજપુરમાં નીલકંઠવર્ણી
૨. ભારતની દુર્દશા તથા શ્રીહરિના પ્રાગટયનો પૂર્વ ઈતિહાસ
૩. શીતળદાસ અને દીનમણી શર્માને દીક્ષા : શ્રીહરિનું તેમાંથી ઉપસતું વ્યક્તિત્વ
૪. કચ્છનો સત્સંગ

---

નોંધ : (૧) **ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ માર્ચ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઈઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને, પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને, વર્ગસુપરવાઈઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઈઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.

(૫) અભ્યાસક્રમનાં પુસ્તકોને જ આધારરૂપ ગણીને લખેલ જવાબ માન્ય ગણાશે.